# ગઝલ-પાગલ

-દીનેશ કાનાણી'પાગલ'

## .૧. (પાન-૬૫)

એક માણસ હારવાનો, વારતાના અંતમાં.
હું દીલાસો આપવાનો, વારતાના અંતમાં.

સોળ આના સાવ સાચી વાત લઈને આવજો.
હું, પુરાવો માંગવાનો વારતાના અંતમાં.

પાનખરની કેટલી થઈ છે અસર, એ શોધવા,
ડાળ લીલી કાપવાનો, વારતાના અંતમાં.

હું તમારી જીતનો હીમાયતી છું એટલે,
સાથ કાયમ આપવાનો વારતાના અંતમાં.

કોણ મારા શ્વાસનો હકદાર છે, એ જાણવા,
રાત આખી જાગવાનો, વારતાના અંતમાં.

જીંદગીભર આપતાં આવ્યાં છો જાકારો ભલે,
હું તમારો લાગવાનો, વારતાના અંતમાં.

## .૨. (પાન-૬૬)

શ્રીમંતાઈ પેશ કરવાની મના છે,
આમ, બારોબાર ફરવાની મના છે.

તેં છલાંગો મારી દીધી, પણ ખબર છે ?
આટલામાં ક્યાંય તરવાની મના છે !

ઉન્નતીના શીખરો સર કર લડીને,
આમ ઘાંઘાં થઈને, ખરવાની મના છે.

એટલી મેં ચુપકીદી ત્યાં નીહાળી,
એમ લાગે, શ્વાસ ભરવાની મના છે !

.૩. (પાન-૬૭)

એ તરંગો થઈ બધે લ્હેરાય છે,
જીંદગી ક્યાં કોઈને સમજાય છે ?

સાવ નજદીક આવવાનું થાય છે,
મન પછીથી, એકદમ બદલાય છે !

હાથ લંબાવું અને પીડા મળે,
આમને આમ જ, ઘણું જીવાય છે !

સાંજ મારી એકલાની હોય છે,
ક્યાં બધાની આંખ અહીં છલકાય છે ?

બે ઘડીનો સાથ આપી જાય ને,
કાયમી સંભારણાં છલકાય છે.

છેક ઉંડે ઉતરીને જોયું છે,
તું મળે ને આયખું સંધાય છે !

.૪. (પાન-૬૯)

કોઈ રસ્તાની ઉદાસી લઈ ફરું છું.
રોજ હું, તારી તલાશી લઈ ફરું છું !

જયારથી ઉડી ગઈ તું, પંખી થઈને-
ત્યારથી ફળીયું; અગાશી લઈ ફરું છું.

ખુબ સહુ છું વેદનાઓ ખાનગીમાં,
તોય ફુલો બારમાસી લઈ ફરું છું !!

આ હતાશા, આ નીરાશા, પંથ લાંબો-
ને ચરણમાં હું, કપાસી લઈ ફરું છું !

એટલે કાયમ મળે દરીયાનાં જળ,
જન્મથી હું,  મીન રાશી લઈ ફરું છું.

## .૫. (પાન-૭૦)

ફેફસાંમાં દર્દ જેવું થાય છે,
તું ગમે છે, એમ ક્યાં કે'વાય છે ?

અહીં ઉદાસી, સાંજનું એકાંત ને-
તું પણે વરસાદમાં ભીંજાય છે.

માત્ર તારા કાગળો સીવાયનું,
ક્યાં કશુંયે મારાથી વંચાય છે ?

એક ઝાંખો થાય છે ઝબકાર ને,
શાશ્વતીનો અર્થ પણ બદલાય છે !

રોજ સાંજે, ઘર તરફ પાછો વળું,
આમ આખી, જીંદગી જીવાય છે !

## .૬. (પાન-૭૬)

સાવ ખાલી હાથ, લઈને ક્યાં જવું ?
આમ ભીની આંખ, લઈને ક્યાં જવું ?

કાંઈ મારી હસ્તરેખામાં નથી,
આ ફકીરી હાલ, લઈને ક્યાં જવું ?

આપણાથી કર્મ એવાં થાય છે,
કે બચેલી શાખ, લઈને ક્યાં જવું ?

છું પ્રવાસી એકલો, એકાંતનો,
ભીડનો સંગાથ, લઈને ક્યાં જવું ?

હોય ચીનગારી તો, એ ચાંપી શકાય,
પણ ઠરેલી આગ, લઈને ક્યાં જવું ?

રોજ વસ્ત્રો હું ય બદલી આવું પણ,
કાયમી સ્વભાવ, લઈને ક્યાં જવું ?

## .૭. (પાન-૭૭)

પીપળાનાં પાન જેવા શ્વાસ છે,
જીંદગીનો જર્જરીત આભાસ છે.

શાશ્વતીનો અર્થ એનો એ જ પણ,
આ બળી રહી છે, એ કોની લાશ છે ?

પત્ર પરથી એટલું સમજાય છે,
એ મનોમન કેટલાં ઉદાસ છે ?

પાંખ છે, મન છે, પવન છે; પણ કહો-
ક્યાં હવે કોઈ કને આકાશ છે ?!

છે ચરણને ચાલવાના ઓરતા,
ને નયનમાં ધારણાંની ફાંસ છે !

કેટલાં સ્વપ્નોની કત્લેઆમ થઈ ?
આંખ મારી જીવતો ઈતીહાસ છે !

## .૮. (પાન-૭૯)

લાલ જાજમ પાથરીને બેઠાં છીએ-
કે ગુનાઓ આચરીને બેઠાં છીએ ?

જોવા મળશે વાદળોના હાડપીંજર;
એક દરીયો આંતરીને, બેઠાં છીએ !

ફેફસામાં પ્રાણ ફુંકાશે ગુલાબી;
એ મળી છે ખાતરી, ને બેઠાં છીએ.

દીલથી આદતવશ હતાં એવાં અમે કે-
દુઃખ બધાનાં છાવરીને, બેઠાં છીએ.

--દીનેશ કાનાણી ‘પાગલ’

સંપર્ક : 'શ્રીરામ', ૮-નારાયણનગર, સાતમી શેરી, ઢેબર કોલોની પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૨
ફોન : (૦૨૮૧) ૨૩૬ ૨૧૫૧ મોબાઈલ : ૯૮૨૪૨ ૧૯૦૯૬

'શ્રી ગઝલ'-- 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ' (પ્રકાશકઃ 'રચના' પરીવાર, રાજકોટ, મુખ્ય વીક્રેતાઃ પ્રવીણ પુસ્તક ભંડાર, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ ફોનઃ (૦૨૮૧): ૨૨૩૨૪૬૦, ૨૨૩૪૬૦૨, મુલ્ય- રુપીયાઃ ૫૫ , પ્રથમ આવૃત્તીઃ ૨૦૦૫, પુનઃ મુદ્રણ-૨૦૦૫)માંથી સાભાર...

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 135 – –January 6, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in



## સર્જક પરીચય

૧૯૭૧માં રાજકોટમાં જન્મેલા શ્રી. દીનેશ કાનાણી નવી પેઢીના આશાસ્પદ યુવાકવી છે. મૌલીકતા અને રજુઆતનો આગવો અંદાજ એ એમનાં સર્જનની વીશેષતાઓ. ૨૦૦૫માં પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ 'શ્રી ગઝલ' બાદ ૨૦૦૭માં ઈમેજ પબ્લીકેશન તરફથી એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'તારા ગયા પછી' પ્રકાશીત થયો. ગુજરાતી ભાષાનાં અગ્રગણ્ય સાહીત્યીક સામયીકોમાં એમની રચના પ્રકાશીત થતી રહે છે. તેઓ સ્ટેશનરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે..

--મનસુખ નારીયા અને ઉત્તમ ગજ્જર

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી મીત્ર શ્રી. મનસુખ નારીયા (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક મીત્ર સુનીલ શાહનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..)

## ● મધુરેણ સમાપયેત્ ●




તને સાતફેરે નથી ગમતું , પીયા કા ઘર નથી ગમતું , કન્યાદાન નથી ગમતું, વિવાહ ના ગમે , ઘર કી બેટીયા ના ગમે, સાસ ભી કભી ના ગમે , મૈ તેરી દુલ્હન ના ગમે , કુળવધું ના ગમે , પરીવાર ના ગમે, સંસાર ના ગમે , તો લગન શું કરવા કર્યા 'તા? જખ મારવા ?

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **135** – –**January 6, 2008**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ **sunras2226@yahoo.co.in**

### અગમચેતી

એક વારના ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન ડૉ. ઠાકોરભાઈ પટેલનાં મોટાંબહેન શ્રીમતી કમુબહેનનું અવસાન થયું. મારાં શ્રીમતીનાં એ ખાસ બહેનપણી. અમે એમના બેસણામાં ગયેલાં. બેસણામાં મુકેલો સ્વ. કમુબહેનનો મોટો ફોટો જોઈ મારાં શ્રીમતીએ મને કહ્યું, "આપણે પણ બેસણા વખતે કામમાં આવે એવા બે મોટા ફોટા પડાવી લઈએ. છોકરાંઓને એટલી તકલીફ ઓછી." મને હસવું તો આવ્યું; પણ ગૃહીણીના પ્રસ્તાવનો વીરોધ કર્યા વીના સરસ ફોટા પડાવ્યા. તા ૧૨-૧-૨૦૦૨ ના રોજ શ્રીમતીનું અવસાન થતાં મને એમની અગમચેતી માટે અહોભાવ થયો ! પણ મારા ફોટાના પૈસા હજી લેખે લાગ્યા નથી !--રણજીત પટેલ 'અનામી' ('પ્રબુદ્ધ જીવન' માસીક : ૨૦૦૪)

'અરધી સદીની વાચન યાત્રા'-ભાગ-બે (સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ગોપાલ મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. **23**, ભાવનગર-364 001, પૃષ્ઠ : **590**, મુલ્ય : **75** રુપીયા, વીદેશમાં : **$ 8** વીમાન-ટપાલખર્ચ સાથે)માંથી સાભાર-- સંપર્ક : **lokmilaptrust2000@yahoo.com**

◆●◆